# જાહેર નિવિદા

## ડેવલોપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત

## આદિજાતિ વિકાસ વિભાગ

## બિરસા મુંડા ભવન, સેકટર ૧૦-એ

## ગાંધીનગર

## "વેલાવાળા શાકભાજી માટે મંડપ બનાવવા સાધન સહાય આપવાની યોજના"

## વર્ષ ૨૦૨૨-૨૦૨૩

## લાભાર્થી પસંદગી માટેની જાહેરાત

વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૦૨૩ માં 'વેલાવાળા શાકભાજી માટે મંડપ બનાવવા સાધન સહાય આપવાની યોજના' હેઠળ પાત્રતા ધરાવતા આદિજાતિ ખેડુતોને ૧૦ ગુંઠા જમીનમાં વેલાવાળા શાકભાજી માટે મંડપ બનાવવા માટે સાધન સહાય લાભાર્થી દીઠ રૂ. ૧૪,૫૬૦/-ની રકમ ત્રણ હપ્તામાં સીધા લાભાર્થીના ખાતામાં જમા કરવામાં આવશે. જે આદિજાતિ ખેડૂતો આ યોજનાનો લાભ લેવા ઈચ્છતા હોય તેઓએ www.dsagsahay.gujarat.gov.in પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. અરજી કરવા માટે સંબંધિત VCE (વી.સી.ઈ.), ઈ-ગ્રામ કેન્દ્ર, ગ્રામ પંચાયતના કોમન સર્વિસ સેન્ટર (CSC), સાયબર કાફે તથા ઈન્ટરનેટ કનેકશન અને સ્કેનર ધરવતા કોઈપણ કોમ્પ્યુટર ઉપરથી કરી શકાશે.

| | |
|---|---|
| ઓનલાઈન અરજી શરૂ થવાની તારીખ | ૦૯/૦૫/૨૦૨૨ |
| ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ | ૨૩/૦૫/૨૦૨૨ |

**"વેલાવાળા શાકભાજી માટે મંડપ બનાવવા સાધન સહાય આપવાની યોજના" માટેના જીલ્લા**

**(૧) બનાસકાંઠા (૨) સાબરકાંઠા (૩) અરવલ્લી (૪) મહીસાગર (૫) પંચમહાલ (૬) દાહોદ (૭) છોટા ઉદેપુર (૮) નર્મદા (૯) ભરૂચ (૧૦) તાપી (૧૧) સુરત (૧૨) નવસારી (૧૩) વલસાડ (૧૪) ડાંગ**

લાભાર્થીની પાત્રતા

૧. આદિજાતિ ખેડૂત
૨. ૦ થી ૨૦ નો બી.પી.એલ. સ્કોર ધરાવતા આદિજાતિ ખેડૂત.
૩. વન અધિકાર અધિનિયમ હેઠળ ફાળવેલ જમીન ધારક.
૪. આદિમ જૂથના ખેડૂત.

અરજદાર માટેની સૂચના

૧. ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ પછી અરજદાર અરજી કરી શકશે નહિ.
૨. યોજના હેઠળ માત્ર ઓનલાઈન અરજી સ્વીકારવામાં આવશે. કોઈ પણ કચેરીએથી અરજી ફોર્મ વિતરણ કરાવમાં આવનાર નથી.
૩. અરજી માટેના આધાર પુરાવા (રાશનકાર્ડ, આધાર કાર્ડ, ૭/૧૨ નમુનો, બી.પી.એલ.નો દાખલો, બેંકની વિગતો અને પાસપોર્ટ સાઈઝનો ફોટો)

**મુખ્ય કારોબારી અધિકારી**
**ડેવલોપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત**
**ગાંધીનગર**

માહિતી/૨૭૫/૨૨-૨૩